**સુરત મહાનગરપાલિકાની તા.૨૫–૭–૨૦૧૮ ના રોજ મળેલ**

**માસિક સાધારણ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.:–**

*******

મ્યુ.સેક્રેટરીશ્રીના તા.૧૨–૭–૨૦૧૮ ના પત્ર નં.એમ.એસ.સી./૧૦૨ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, મહાનગરપાલિકામાં જે જગ્યાનો પગાર રૂા.૧૫,૬૦૦/– થી રૂા.૩૯,૧૦૦/– તથા ગ્રેડ રૂા.૫,૪૦૦/– થી વધારે થતો હોય તે જગ્યા પર નિયુકિત કરવાની ધી બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯ ની કલમ–૫૩(૧) મુજબ કોર્પોરેશનને સત્તા પ્રાપ્ત થયેલી છે તેમજ સદરહુ એકટના શિડયુલ–એ ના પ્રકરણ–૩ મુજબ અમુક મ્યુનિસિપલ અધિકારીઓ/નોકરોની નિયુકિતની રીત ઠરાવવામાં આવેલી છે. સદર પ્રકરણ–૩ ના નિયમ–૧ માં ઉલ્લેખ કરેલી જગા પર નિયુકિત કરતા પહેલા નિયમ–૨ અન્વયે સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેર ખબર આપીને એવી જગા માટે અરજીઓ મંગાવવી અને આવેલી અરજીઓની કમિશ્નરશ્રીએ બારીક તપાસ કરવી અને જેમણે અરજીઓ કરી હોય તેવી વ્યકિતઓ પૈકી જે વ્યકિતઓને કમિશ્નર તે જગા માટે લાયક ગણતા હોય તેવી વ્યકિતઓની પસંદગીના ક્રમ પ્રમાણે ગોઠવેલી યાદી તેમણે, કોર્પોરેશન તેવું ફરમાવે, તો સમિતિ મારફત કોર્પોરેશનને સાદર કરવી. તે મુજબ ઉપર જણાવેલ પગારધોરણની જગા પુરવા માટે મંગાવેલ અરજીઓના સંદર્ભમાં કરેલ અરજીના ઉમેદવારોના ઈન્ટરવ્યુ લઈ તેઓ પૈકી પસંદગી પામેલ ઉમેદવારોના નામો પસંદગી માટે કોર્પોરેશન સમક્ષ ભલામણ સહિતના છેવટના નિર્ણય માટે રજુ કરવા તથા તેને આનુસાંગિક અન્ય વિધિ કરવા માટે "ખડી સમિતિ"માં નીચે જણાવેલ કુલ–૭ (સાત) સદસ્યોની સામાન્ય સભા ઠરાવ નં.૨૦૭/૨૦૧૬ ને આધિન બીજા અઢી વર્ષ અથવા આ બોર્ડની મુદત પુરી થાય ત્યાં સુધીની મુદત માટે નિયુકિત કરવામાં આવે છે.

..૨

**૧.** **માનનીય મેયરશ્રી** **– અધ્યક્ષ**

**૨.** **માનનીય ડેપ્યુટી મેયરશ્રી**

**૩.** **અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ**

**૪.** **લાગતી વળગતી સમિતિના અધ્યક્ષશ્રી**

**૫.** **નેતાશ્રી, શાસક પક્ષ**

**૬.** **નેતાશ્રી, વિરોધ પક્ષ**

૭. શ્રી નીતિનભાઈ દેવપ્રસાદભાઈ ઠાકર (ભજીયાવાળા)

**ઠરાવ નં.૨૬૮/૨૦૧૮ સર્વાનુમતે મંજુર.**

=====================================

**પ્રો.રા. ખડી સમિતિ,**

**સે ક્રે ટ રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**તા.૨૫–૭–૨૦૧૮.**

નકલ સાદર રવાના : મા.મેયરશ્રી / મા.ડે.મેયરશ્રી / અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ/ નેતાશ્રી શાસકપક્ષ / નેતાશ્રી વિરોધપક્ષ પ્રતિ,
નકલ સાદર રવાના : અધ્યક્ષશ્રી ...................................................સમિતિ પ્રતિ,
નકલ સાદર રવાના : સભ્ય શ્રી .......................................................... પ્રતિ,
નકલ સવિનય રવાના : મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,
નકલ રવાના : જનસંપર્ક અધિકારીશ્રી પ્રતિ,
નકલ રવાના :એકઝીકયુટીવ આસીસ્ટન્ટશ્રી, આઈ.એસ.ડી.

*Jariwala Mukesh*